NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડૉ. ટી. આર. અહલાવત
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

સંશોધન નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી
ફોન : ૦૨૬૩૭૨૮૩૧૬૦
ફેક્સ : ૦૨૬૩૭-૨૮૩૪૫૨
E-mail : dr@nau.in

**સમયમર્યાદા/અગત્યનું**

# પરિપત્ર

**વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઉચ્ચક દરો, ઉત્પાદનો તથા સેવાઓના ભાવોની દરખાસ્ત મોકલી આપવા બાબત...**

ઉપરોક્ત વિષય અન્વયે નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ સંશોધન કેન્દ્રોના વડાશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ તથા યુનિટના વડાશ્રીઓને જણાવવાનું કે, આપની કચેરી/ફાર્મ/યુનિટ/કોલેજ હસ્તકના ઉચ્ચક દરોથી કરવામાં આવતા ખેતીકાર્યો, કલમ-રોપા, ફૂલછોડ, બિયારણ, જૈવિક ખાતર, જમીન અને પાણી પરીક્ષણ, નોવેલ લિક્વિડ તેમજ મૂલ્યવર્ધિત (Value Added) ઉત્પાદનોના વર્ષ ૨૦૨૬-૨૭ માટેના ભાવો મંજૂર કરવાના હોઈ, સંબંધિત તમામ માહિતી એકત્રિત કરી નિયત પત્રકમાં સમાવવાની રહેશે.

તદુપરાંત, ગત વર્ષે મંજૂર થયેલા પરંતુ પત્રકમાં સમાવિષ્ટ ન થયેલા ઉત્પાદનો/ખેતીકાર્યોના ભાવો પણ જરૂરી આધાર-પુરાવા સાથે દર્શાવી મોકલવાના રહેશે. આપના વિભાગને લાગુ પડતા તમામ ઉત્પાદનો અને સેવાઓના ભાવોની દરખાસ્ત નિયત પત્રક મુજબ તૈયાર કરી આ કચેરીને તા. ૩૦/૦૬/૨૦૨૬ સુધીમાં માત્ર ઈ-મેઈલ મારફતે MS Word (Shruti Font) તથા PDF સ્વરૂપે સોફ્ટ કોપીમાં મોકલી આપશો.

વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૨૬-૨૭ માટેના દરો મંજૂર કરી પરિપત્ર પ્રસિદ્ધ થયા બાદ ચાલુ વર્ષ દરમિયાન કોઈપણ કેન્દ્ર/વિભાગ તરફથી નવા દરો મંજૂર કરવા અંગેની દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહીં. તેથી આ બાબતની ખાસ નોંધ લઈ સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

નકૃયુ/સંનિ/ઉચ્ચક દરો/ટી.૨/3030/૨૦૨૬
તા.૧૨.૦૬.૨૦૨૬

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

**નકલ રવાના: પ્રતિ**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના વિભાગીય વડાશ્રીઓ, યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારું